For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**3,200** ટન TBMનું વજન | **96** મીટર લંબાઈ | **13.6** મીટર વ્યાસ

**કુલ 10 કિમીની ભૂગર્ભ ટનલમાંથી 7 કિ.મી.નો ભાગ ઠાણે ખાડીની નીચેથી પસાર થશે**




મહારાષ્ટ્રના સાવલીના ધાણસોલીથી વિક્રોલી તરફ બીજી ટનલ બોરિંગ મશીન ટીબીએમ દ્વારા ખોદકામની શરૂઆત

# દેશની પ્રથમ દરિયાઈ ટનલની કામગીરી શરૂ

**મુંબઈ-અમદાવાદ** બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાવલીથી વિક્રોલી વચ્ચે 7 કિમી અંડરસી ટનલ બનશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્રમાં ઠાણે ખાડીની નીચે દેશની પ્રથમ અંડરસી એટલે કે દરિયાઈ ટનલ બનાવવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. સાવલીના ધાણસોલીથી વિક્રોલી તરફ બીજી ટનલ બોરિંગ મશીન ટીબીએમ દ્વારા ખોદકામની શરૂઆત કરવામાં આવી છે. કુલ 10 કિમીના આ ભૂગર્ભ ટનલમાંથી 7 કિમીનો ભાગ ઠાણે ખાડીની નીચેથી પસાર થશે. કોઈપણ રેલ કોરિડોર માટે આ ભારતની પ્રથમ દરિયાઈ ટનલ છે. પ્રોજેક્ટના કુલ 21 કિમી લાંબા ટનલ સેક્શનમાંથી 16 કિમીનો ભાગ ટીબીએમ વડે બનાવવામાં આવશે. પ્રથમ ટીબીએમ એ 5 જુલાઈ 2026 ના રોજ વિક્રોલીથી બીકેસી તરફ 6 કિમીનું ખોદકામ શરૂ કર્યું હતું. ટનલ બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલું આ મશીન 13.6 મીટર વ્યાસનું અને 3,200 ટન વજન ધરાવે છે. તેની લંબાઈ 96 મીટર એટલે કે એક ફૂટબોલ મેદાન જેટલી છે. આ સેમી-ઓટોમેટિક મિક્સશીલ્ડ પ્રકારનું ટીબીએમ છે જે જટિલ ભૂગર્ભ પરિસ્થિતિમાં પણ કામ કરી શકે છે. સુરક્ષા માટે મશીનમાં ગેસ મોનિટરિંગ, ઓટોમેટિક ફાયર ડિટેક્શન અને સ્પ્રિંકલર સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. સાથે જ સપાટી પરની ઈમારતોને સુરક્ષિત રાખવા રિયલ-ટાઈમ મોનિટરિંગ સિસ્ટમ પણ ગોઠવાઈ છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટની આ સૌથી અગત્યની ટનલ પૂર્ણ થતા જ મુંબઈથી અમદાવાદનું અંતર કલાકોમાં કપાવાનું શક્ય બનશે.




**ટ્રેઈલિંગ બેકઅપ સિસ્ટમ**

શીલ્ડ પાછળ 4 ડબલ-સ્ટોરી ગેન્ટ્રીઝ - 18-20 મીટર લંબાઈ.
સપોર્ટ સિસ્ટમ: રોલર કન્વેયર, સ્લરી પંપ, હાઈડ્રોલિક્સ, ઓપરેટર કેબિન, પાવર સિસ્ટમ, ઈમરજન્સી ચેમ્બર્સ, વર્કશોપ.

**સેફ્ટી-મોનિટરિંગ**

1. **ગેસ મોનિટરિંગ:** મિથેન, ઓક્સિજન, CO, CO2 ના સેન્સર
2. **ફાયર સિસ્ટમ:** ઓટોમેટિક ડિટેક્શન + સ્પ્રિંકલર + વોટર કર્ટન
3. **સેટલમેન્ટ કંટ્રોલ:** SSP, ODS/Tilt Meter, 3D ટાર્ગેટ, સિસ્મોગ્રાફ

**શાફ્ટ એરિયાની સુવિધા**

વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્લરી ટ્રીટમેન્ટ, બેન્ટોનાઇટ ટેંક, પાવર સબસ્ટેશન, બેકઅપ જનરેટર, રેડી-મિક્સ પ્લાન્ટ, સુએજ ટ્રીટમેન્ટ સહિતની સુવિધા છે

લાંબા સમયથી પેચવર્ક ન થતાં ઊબડખાબડ માર્ગે અકસ્માતનો ભય

# માંડવી વોર્ડ-૧૪ની રાજપુરાની પોળમાં ડ્રેનેજ કામગીરી બાદ રસ્તો બિસ્માર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરા મહાનગરપાલિકાના માંડવી વોર્ડ નંબર-૧૪ વિસ્તારમાં આવેલી ઐતિહાસિક રાજપુરાની પોળના રસ્તાઓ હાલમાં અત્યંત બિસ્માર અને ઊબડખાબડ હાલતમાં ફેરવાઈ ગયા છે. આ વિસ્તારમાં તંત્ર દ્વારા ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે પૂર્ણ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં, ખોદાયેલા રસ્તાઓ પર હજુ સુધી યોગ્ય રીતે પેચવર્ક કરવામાં આવ્યું નથી. આ વહીવટી ઉદાસીનતા અને બેદરકારીના કારણે સ્થાનિક રહેવાસીઓ સહિત ત્યાંથી રોજિંદી અવરજવર કરતા સેંકડો વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી અને હાડમારીનો સામનો કરવો પડી રહ્યો છે.



ડ્રેનેજ લાઈન નાખવા માટે પોળના મુખ્ય માર્ગો અને શેરીઓ આડેધડ ખોદી નાખવામાં આવી હતી. કામ પૂરું થયા પછી કોન્ટ્રાક્ટર કે પાલિકાના તંત્ર દ્વારા માત્ર ઉપરછલ્લી માટી કે કાંકરી નાખીને સંતોષ માની લેવાયો છે, પરંતુ યોગ્ય રીતે ડામર કે સીસી રોડનું પેચવર્ક કરીને રસ્તાને સમતળ કરવામાં આવ્યો નથી. જેના કારણે સમગ્ર માર્ગ પર મોટા-મોટા ખાડાઓ અને પથ્થરો પથરાયેલા પડ્યા છે. આ ઊબડખાબડ રસ્તા પરથી પસાર થતી વખતે ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થઈ રહ્યા છે, અને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ તેમજ નાના બાળકો માટે અહીં ચાલવું પણ જોખમી સાબિત થઈ રહ્યું છે. ચોમાસાની ઋતુમાં આ ખાડાઓમાં પાણી ભરાવાને કારણે અકસ્માતનો ભય બમણો થઈ જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર જનસમસ્યા અંગે સ્થાનિક સામાજિક કાર્યકર ફારુકભાઈ સોનીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, વિકાસના કામો જરૂરી છે પરંતુ કામગીરી બાદ નાગરિકોની સુરક્ષા અને સુવિધાનું ધ્યાન રાખવું એ પણ તંત્રની પ્રાથમિક ફરજ છે.

ચાલુ વર્ષે કુલ ૧૦ રૂપિયાનો વધારો ઝીંકાયો

# અદાણીનું CNG ફરી મોંઘું, પ્રતિ કિલો ૨ રૂપિયાનો તોતિંગ વધારો

**ત્રણ મહિનામાં** બીજી વાર ભાવ વધારો, પેટ્રોલની નજીક પહોંચતી CNGની કિંમતો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯
શહેરમાં CNG વાહનચાલકો અને ખાસ કરીને રિક્ષાચાલકો માટે મુશ્કેલીનો સમય ફરી શરૂ થયો છે. અદાણી CNG દ્વારા ઈંધણના ભાવમાં ફરી એકવાર પ્રતિ કિલો ૨ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવતા સામાન્ય નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ ભાવ વધારા સાથે જ વડોદરામાં CNGનો નવો ભાવ ૮૮.૧૦ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. વધતી મોંઘવારી વચ્ચે અદાણી CNGના ભાવમાં વર્ષ ૨૦૨૬ દરમિયાન સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં




કંપની દ્વારા કુલ ૧૦ રૂપિયાનો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. માત્ર ત્રણ મહિના પહેલા, ૨૭ મે ૨૦૨૬ના રોજ પણ કંપનીએ ૨ રૂપિયાનો વધારો કર્યો હતો, અને હવે ફરી એકવાર ભાવ વધારીને વાહનચાલકોનું બજેટ ખોરવી નાખ્યું છે. અગાઉ ૮૬.૧૦ રૂપિયા પ્રતિ કિલો મળતું CNG હવે ૮૮.૧૦ રૂપિયામાં મળશે. સૌથી વધુ અસર દૈનિક આવક પર નિર્ભર રહેતા ઓટોરિક્ષા ચાલકોને થઈ રહી છે.

એક સમય હતો જ્યારે પેટ્રોલના વધતા ભાવોથી બચવા માટે લોકોએ CNG વાહનો અપનાવ્યા હતા, પરંતુ હવે CNG અને પેટ્રોલના ભાવ વચ્ચેનું અંતર ઘટતું જઈ રહ્યું છે. માત્ર વ્યવસાયિક વાહનો જ નહીં, પરંતુ વ્યક્તિગત વાહનચાલકો પણ આ નિર્ણયથી ચિંતિત છે. છેલ્લા કેટલાક સમયથી CNGના ભાવમાં અસ્થિરતા જોવા મળી રહી છે. પહેલા થોડો ઘટાડો કર્યા બાદ ફરીથી ભાવમાં કરવામાં આવેલો આ વધારો વાહનચાલકોના ખિસ્સા પર સીધો પ્રહાર કરી રહ્યો છે. આગામી દિવસોમાં આ મોંઘવારીની સીધી અસર જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પણ પડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

જૂની અદાવતનો હિંસક અંજામ

# ગોરવામાં યુવક પર લાકડા -ધારદાર હથિયારથી હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯
વડોદરાના ગોરવાના નુરાની પાર્ક સોસાયટીમાં રહેતા 29 વર્ષીય સોહીલ હિંમતભાઈ રાજે નોંધાવેલી ફરિયાદ મુજબ, 18 જુલાઈની રાત્રે તેઓ તેમના મિત્ર ફયાજ દિવાનને બોરીયા-02 ખાતે ઘરે મૂકીને પરત આઝાદનગર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન બોરીયા-02 ની ગલી પાસે અગાઉ લગભગ 20 દિવસ પહેલાં થયેલા ઝઘડાની અદાવત રાખી ટાઈગર ગેંગના મિન્હાજ નામના શખ્સે પાછળથી આવી લાકડાના ફટકા મારી હુમલો કર્યો હતો. થોડા સમય બાદ મિન્હાજના કાકાનો દીકરો આફતાબ પણ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેણે સોહીલના બંને હાથ પકડી રાખ્યા હતા, જ્યારે મિન્હાજ સતત લાકડાના ફટકા મારતો રહ્યો હતો. ત્યારબાદ આફતાબે પોતાની પાસે રહેલા ધારદાર હથિયારથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સોહીલે હથિયાર પકડી લેતાં બંનેએ ગડદાપાટુનો માર માર્યો હતો અને અપશબ્દો બોલ્યા હતા. દરમિયાન આસપાસના લોકો દોડી આવતા હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા. જતાં જતાં બંનેએ ફરી મળશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હુમલામાં સોહીલને પીઠના ભાગે, જમણા હાથના કાંડા તેમજ બંને અંગૂઠાની બાજુએ ઈજાઓ પહોંચી હતી. પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા બાદ 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે પોલીસે મિન્હાજ અને આફતાબ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરમાંથી લીલા-ભૂરા ડસ્ટબીન ગાયબ થતાં ડોર-ટુ-ડોર સેવા પર જ સંપૂર્ણ નિર્ભરતા

# ૧ એપ્રિલથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નવા નિયમો લાગુ, પરંતુ જમીની સ્તરે અમલીકરણમાં ખામીઓ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯
વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતાની સ્થિતિ સુધારવા અને પર્યાવરણના રક્ષણ માટે ગત ૧ એપ્રિલથી 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬' અંતર્ગત કચરાનું ઉત્પત્તિ સ્થાને જ વર્ગીકરણ કરવું કાયદાકીય રીતે ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ નવા નિયમ મુજબ, શહેરના દરેક નાગરિક, વેપારી, વ્યાપારી સંસ્થા અને ઉદ્યોગોએ પોતાના ત્યાં ઉત્પન્ન થતો ભીનો, સૂકો, સેનેટરી તેમજ જોખમી કચરો અલગ-અલગ ડસ્ટબીનમાં રાખીને જ ડોર-ટુ-ડોર કલેક્શનના સ્ટાફને સોંપવાનો રહે છે. કોર્પોરેશન દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે મિશ્ર કચરો આપનારાઓ સામે આગામી દિવસોમાં આકરી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ



ઉપરાંત, હોસ્પિટલો, હોટેલો અને મોટા મોલ જેવા બલ્ક વેસ્ટ જનરેટર્સે પોતાના સ્તરે જ વૈજ્ઞાનિક ઢબે કચરાનું સંચાલન કરવું પડશે અને જાહેર સ્થળો પર ગંદકી કરનારને મોટો દંડ ફટકારાશે. જો કે, આ કડક કાયદાઓ અને આયોજનની પાછળ રહેલી જમીની વાસ્તવિકતા તદ્દન અલગ છે અને તંત્રના અમલીકરણમાં ગંભીર ખામીઓ જોવા મળી રહી છે. એક તરફ તંત્ર નાગરિકોને કચરો અલગ રાખવાની સલાહ આપે છે, તો બીજી તરફ જાગૃત નાગરિકો દ્વારા એવા ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે કે તેઓ ઘરમાંથી ભીનો અને સૂકો કચરો અલગ કરીને જ આપે છે, પરંતુ ડોર-ટુ-ડોર કલેક્શનના કર્મચારીઓ જ બંને પ્રકારના કચરાને ગાડીની અંદર એકસાથે ભેગો કરી દે છે. કર્મચારીઓની આ આડોડાઈ અને બેદરકારીના કારણે સોર્સ સેગ્રિગેશન તેમજ રિસાયક્લિંગનો મૂળભૂત ઉદ્દેશ્ય જ જોખમાય છે. આ ઉપરાંત શહેરમાં આયોજનનો મોટો અભાવ પણ વર્તાઈ રહ્યો છે. અગાઉ જાહેર રસ્તાઓ અને ચાર રસ્તા પર મૂકવામાં આવેલી લીલી અને ભૂરી ડસ્ટબીનો હવે શહેરમાંથી ગાયબ થઈ ગઈ છે. જાહેર સ્થળો પર કચરાપેટીઓ ન હોવાને કારણે સમગ્ર શહેર હવે માત્ર સવારની ડોર-ટુ-ડોર સેવા પર જ સંપૂર્ણ નિર્ભર બની ગયું છે, જેના કારણે મોડી રાત્રે વ્યાપારી વિસ્તારોમાં કચરો જાહેર જગ્યાઓ પર ફેંકવાની મજબૂરી ઊભી થાય છે.

આગામી ચાર દિવસોમાં ભારે વરસાદની વકી

# ગરમીનું પ્રમાણ યથાવત તાપમાન ૩૪.૮ ડીગ્રી નોંધાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
રાજ્યમાં હાલ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ અને મોનસુન ટ્રફ સક્રિય છે. જેને કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી ઉકળાટ અને બફારાનો સામનો નાગરિકો કરી રહ્યા છે. ત્યારે, રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 34.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 26.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 82 ટકા અને સાંજે 65 ટકા નોંધાયું હતું. સવારે કેટલાક વિસ્તારોમાં તાપ વચ્ચે ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. જ્યારે કેટલાક વિસ્તારોમાં વાદળ છાયું વાતાવરણ વચ્ચે કોરું કટ રહ્યું હતું. નિષ્ણાંતોના મત મુજબ આગામી તા. 24થી 26 જુલાઈ દરમિયાન ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. કેટલીક જગ્યાએ વરસાદનું પ્રમાણ ખૂબ વધુ રહેવાની સંભાવના છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ શકે છે. ખાસ કરીને વડોદરા અને આસપાસના વિસ્તારોમાં 4 ઈંચથી વધુ વરસાદ પડી શકે છે. જો વરસાદી સિસ્ટમ વધુ મજબૂત બનશે તો કેટલાક વિસ્તારોમાં 6 ઈંચ કે તેથી વધુ વરસાદ પણ નોંધાઈ શકે છે. નિષ્ણાંતોના આંકલન મુજબ ઉત્તર અને મધ્ય ગુજરાતના મોટા ભાગના વિસ્તારો વરસાદથી તરબોળ થઈ શકે છે.

નીલ ટેરેસ સોસાયટીમાં પાંચ દિવસથી ભરાયાં પાણી

# જાગનાથ મહાદેવ મંદિર સામે પાણીની લાઈન તૂટતાં વિસ્તારમાં પૂરની સ્થિતિ

વડોદરા: સ્થાનિક તંત્ર અને મહાનગરપાલિકાના કથળેલા ગેરવહીવટના કારણે વડોદરાના નાગરિકો વગર વાંકે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વડોદરા શહેરમાં આવેલા પ્રસિદ્ધ જાગનાથ મહાદેવ મંદિરની બિલકુલ સામે આવેલી નીલ ટેરેસ સોસાયટી પાસે એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં અહીથી પસાર થતી મુખ્ય પાણીની લાઈનમાં મોટું ભંગાણ સર્જાયું છે. પાલિકાની આળસુ નીતિ અને ઘોર બેદરકારીના કારણે આ લીકેજની સમસ્યા છેલ્લા પાંચ દિવસથી જેમની તેમ જ બનેલી છે, જેના પરિણામે સમગ્ર વિસ્તારમાં જાણે મુશળધાર વરસાદ પડ્યો હોય તેવી કૃત્રિમ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને ચારેય તરફ રસ્તાઓ પર પાણી જ પાણી ભરાઈ ગયું છે.



આ ગંભીર જળબંબાકારના કારણે સ્થાનિક રહીશો તંત્રના પાપે અને પોતાની કોઈ જ ભૂલ વિના ભારે હાલાકી વેઠવા માટે મજબૂર બન્યા છે. પીવાના શુદ્ધ પાણીની મુખ્ય પાઈપલાઈન તૂટવાને કારણે એક તરફ લાખો લીટર પાણીનો નકામો બગાડ થઈ રહ્યો છે, તો બીજી તરફ આ વિસ્તારના લોકોના રોજિંદા જીવન પર તેની અત્યંત માઠી અસર પડી છે. લોકોના ઘરોની બિલકુલ બહાર અને સોસાયટીના મુખ્ય રસ્તાઓ પર સતત પાણી ભરાઈ રહેવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે ત્યાંથી પસાર થવું અત્યંત જોખમી અને મુશ્કેલ બની ગયું છે. બાળકો અને વૃદ્ધો ઘરની બહાર નીકળી શકતા નથી. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે પાંચ દિવસથી સતત ભરાઈ રહેલા આ સ્થિર પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં મચ્છરો અને અન્ય જીવાતોનો ઉપદ્રવ અતિશય વધી ગયો છે, જેના લીધે સ્થાનિક લોકોમાં હવે ભયંકર રોગચાળો ફાટી નીકળવાનો મોટો ભય સતાવી રહ્યો છે.

કોર્પોરેશન-ટ્રાફિક વિભાગ વચ્ચે સંકલનનો ઘોર અભાવ

# ફાઈબર રોડ સેફ્ટી બોલાર્ડ ખુદ બિસમાર હાલતમાં

વડોદરા: વડોદરા શહેરમાં વાહનચાલકોની સુરક્ષા અને રોડ સલામતી વધારવાના હેતુથી લાખો રૂપિયાના આંધણ કરીને લગાવવામાં આવેલા ફાઈબર રોડ સેફ્ટી બોલાર્ડ (સેફ્ટી ગાર્ડ) આજે ખુદ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયા છે. શહેરના અત્યંત વ્યસ્ત અને મુખ્ય એવા વુડા સર્કલ (સિંહ સર્કલ) તેમજ સેફ્રન ટાવર ચાર રસ્તા વિસ્તારમાં જાગૃત નાગરિકો અને મીડિયા દ્વારા કરવામાં આવેલી સ્થળ તપાસમાં આ સેફ્ટી બોલાર્ડ તૂટેલી અને નુકસાનગ્રસ્ત હાલતમાં જોવા મળ્યા હતા. જેને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને આ વ્યસ્ત માર્ગો પર અકસ્માત થવાની સંભાવના પણ નોંધપાત્ર રીતે વધી ગઈ છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આટલા



ધમધમતા ટ્રાફિક વાળા વિસ્તારોમાં પ્રજાની સુરક્ષા માટે એક પણ ટ્રાફિક પોલીસ જવાન કે ટીઆરબી (TRB) જવાન હાજર જોવા મળ્યો ન હતો. સ્થાનિકોના આક્ષેપ અનુસાર, વડોદરા મહાનગરપાલિકા અને શહેર ટ્રાફિક પોલીસ વચ્ચે સંકલનનો ઘોર અભાવ વર્તાઈ રહ્યો છે. જ્યારે પણ કોઈ મંત્રી કે ઉચ્ચ અધિકારીઓ આવવાના હોય ત્યારે જ અહીં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવાય છે, પરંતુ સામાન્ય જનતાને રામ ભરોસે છોડી દેવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સંવેદનશીલ નિર્ણય, મોંઘવારીમાં સંચાલકોને મળશે મોટી રાહત

# ૧૭,૦૦૦ રેશનિંગ દુકાનદારોના કમિશનમાં બમ્પર વધારો કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯
ગુજરાત રાજ્યમાં જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદ્રઢ બનાવવાના આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની વાજબી ભાવની દુકાનોના સંચાલકોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યભરની ૧૭,૦૦૦થી વધુ રેશનિંગની દુકાનોના સંચાલકોને હવેથી અનાજના વિતરણ પર મળતા કમિશનમાં વધારો મળશે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણય મુજબ, અંત્યોદય અન્ન યોજના અને પ્રાયોરિટી હાઉસ હોલ્ડ કુટુંબોને વિતરણ કરવામાં આવતા ઘઉં અને ચોખાના જથ્થા પર પ્રતિ ક્વિન્ટલ ચૂકવવામાં આવતા ૧૫૦ના કમિશનમાં ૩૫નો વધારો કરી હવે ૧૮૫ કરવામાં આવ્યું છે. આ નવી કમિશનની રકમનો અમલ ૧ એપ્રિલ ૨૦૨૬થી લાગું કરવામાં આવ્યો છે. જેનો સીધો લાભ હવે મળશે.

લાંબા સમયથી વાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં રાખીને વાહન-વ્યવહાર, મજૂરી ખર્ચ, દુકાનની જાળવણી અને અન્ય સંચાલન ખર્ચમાં થયેલા વધારાના સંદર્ભમાં આર્થિક સહયોગની માગણી કરવામાં આવી હતી.

રાજ્ય સરકારે સંચાલકોની આ વેદનાને સમજીને સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે, જેનાથી સંચાલકોને મોટી રાહત થશે. સરકારના આ નિર્ણયને પરિણામે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળના પાત્રતા ધરાવતા પરિવારો સુધી અનાજનું વિતરણ વધુ સરળતા અને સચોટતાથી થઈ શકશે. આ કમિશન વધારાના અમલીકરણ માટે રાજ્ય સરકારે કુલ ૬૭.૨૦ કરોડની જોગવાઈ કરી છે.

આ ઠરાવમાં દર્શાવ્યા મુજબ, આ ફાળવણીમાં ૫૨.૬૧ કરોડ સામાન્ય શ્રેણી હેઠળ, ૪.૧૧ કરોડ અનુસૂચિત જાતિ પેટાયોજના હેઠળ અને ૧૦.૪૮ કરોડ જનજાતિ પેટાયોજના હેઠળ ખર્ચવામાં આવશે. આમ, સરકારે આર્થિક રીતે આ જોગવાઈ કરીને વહીવટી અને સંચાલકીય ખર્ચને પહોંચી વળવા માટે રેશનિંગ દુકાનદારોને મોટું પીઠબળ પૂરું પાડ્યું છે.